| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલય તથા સંલગ્ન કચેરીઓના નાયબ સેક્શન અધિકારી(વર્ગ-૩)ની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા | | |
| તા.૦૬/૦૨/૨૦૨૫ | પ્રશ્નપત્ર-૪ | બેઠક નંબર:............. |
| સમય : ૧૫.૦૦ થી ૧૮.૦૦ | **SET-A** | કુલ ગુણ : - ૧૦૦ |

**1 નીચેમાંથી કયા કિસ્સામાં સરકારી આવકનો સરકારી ખર્ચ માટે સીધે સીધો વિનિયોગ થઇ શકે ?**

**A** વર્ગ-4 ને મુસાફરી ભથ્થુ ચૂકવવા
**B** આકસ્મિક ખર્ચ ચૂકવવા
**C** નોટરી અંગે મળેલ ફી નોટરી અંગેના કાનૂની ખર્ચ માટે
**D** ઉપરના બધા માટે

**2 ભારતના સંવિધાનની કઇ કલમ અન્વયે કોમ્પટ્રોલર ઓડિટર જનરલને રાજ્ય સરકારના હિસાબી નમૂના નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે ?**

**A** કલમ ૧૧૮
**B** કલમ ૧૫૦
**C** કલમ ૨૦૨
**D** કલમ ૨૬૮

**3 અપંગો માટેની સંસ્થા પાસેથી મહત્તમ કેટલા રૂપિયા સુધીની ખરીદી, વિના ટેન્ડરે કરી શકાય ?**

**A** રૂપિયા એક લાખ
**B** રૂપિયા બે લાખ
**C** રૂપિયા પાંચ લાખ
**D** રૂપિયા પંદર લાખ

**4 રૂપિયા પચાસ લાખના ટેન્ડરમાં ઇ.એમ.ડી. કેટલા રૂપિયા લેવી જોઇએ ?**

**A** રૂપિયા 15000
**B** રૂપિયા 1,50,000
**C** રૂપિયા 7,500
**D** રૂપિયા 75000

**5 ભારતના સંવિધાનની કઇ કલમ અન્વયે એકત્રિતફંડની રચના કરવામાં આવી છે ?**

**A** કલમ ૨૧૨(૧)
**B** કલમ ૨૬૨(૧)
**C** કલમ ૨૬૬(૧)
**D** કલમ ૨૬૭ (૨)

**6 ગુપ્તસેવા પાછળ થયેલ ખર્ચનું પ્રમાણપત્ર કઈ તારીખ સુધી હિસાબ તપાસણી અધિકારીને મોકલવાનું છે ?**

**A** ૧૫ મી એપ્રીલ
**B** 30 મી જૂન
**C** ૩૧ ઓક્ટોબર
**D** 30 મી નવેમ્બર

**7 ગુપ્ત સેવા અંગે કરેલ ખર્ચ અંગેનુ પ્રમાણપત્ર હિસાબ તપાસણી અધિકારીને કઇ તારીખ સુધી મોકલવાનું છે ?**

**A** 15 મી એપ્રીલ
**B** 30મી જૂન
**C** 30 મી નવેમ્બર
**D** 31 મી ડીસેમ્બર

**8 સરકારી કામકાજની રૂએ મળેલા નાણા સમયસર  સરકારી તિજોરીમાં  ભરવાનું શક્ય ન હોય તો ખાતાના વડા કેટલા  દિવસમાં ભરવા માટે ખાસ આદેશ આપી શકે**

**A** બે દિવસ | **B** પાંચ દિવસ

**C** સાત દિવસ | **D** દસ દિવસ

**9 GeM મારફત ડાઇરેક્ટ પરચેઝ કેટલા રૂપિયા સુધી કરી શકાય ?**

**A** રૂપિયા 25,000 | **B** રૂપિયા 50,000

**C** રૂપિયા 1,00,000 | **D** રૂપિયા  15,000

**10 નીચેમાંથી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ ગણાય ?**

**A** પગાર | **B** દૈનિક ભથ્થુ

**C** ગરમીની મોસમ અંગેના કર્મચારી વર્ગનો પગારએ | **D** ઉપરનામાંથી એકપણ નહીં

**11 રજાના રોકડમાં રૂપાંતર માટેની જોગવાઈ કર્મચારીઓના પગાર ભથ્થા કેટલામાં ભાગ જેટલી કરવાની છે ?**

**A** 1/30  માં ભાગ | **B** 1/24 માં ભાગ

**C** 1/5 માં ભાગ | **D** 1/4  માં ભાગ

**12 કોણે જામીનગીરી આપવી જરૂરી નથી ?**

**A** સ્ટોરકીપરે | **B** લાયબ્રેરીયને

**C** કેશીયરે | **D** ઉપરના બધા

**13 નાણાકીય વર્ષના કોઇપણ ભાગના અંદાજીત ખર્ચ માટે અમુક રકમ અગાઉથી ઉપાડવાની મંજૂરી આપવાની વિધાનસભાને સંવિધાનની કઇ કલમથી સત્તા મળેલ છે ?**

**A** 203 | **B** 204

**C** 205 | **D** 206

**14 મકાન પેશગી મંજૂર થયા પછી પણ નાણા ઉપાડતા પહેલા કર્મચારીએ અંગત રોકાણ કેટલુ કરવાનું છે?**

**A** પેશગીની રકમના  ૫ ટકા | **B** પેશગીની રકમના  ૧૦ ટકા

**C** પેશગીની રકમના  ૧૫ ટકા | **D** પેશગીની રકમના  ૨૦ ટકા

**15 જાહેર હિસાબમાં નીચેમાંથી શું આવે ?**

**A** કરવેરા | **B** ફી

**C** દંડ | **D** ભરણા

**16 ટેન્ડર ફી વધુમાં વધુ કેટલી રાખી શકાય ?**

**A** રૂપિયા 10,000 | **B** રૂપિયા 15,000

**C** રૂપિયા 20,000 | **D** રૂપિયા  25,000

**17 રાજ્યના અતિ નાના કુટિર ઉધોગો અને લઘુ ઉધોગો એકમો પૈકિનું કોઇપણ ઉત્પાદિત એકમ મહિલા ધારક હોયતો કેટલા ટકા ભાવ પસંદગી મળવાપાત્ર છે ?**

**A** 5  ટકા | **B** 10  ટકા

**C** 11  ટકા | **D** 15  ટકા

**18 વિદેશમાંથી માલસામગ્રી આયાત કરવાની હોય એવી ખરીદી માટેના બધા કરારોમાં કેવી જોગવાઇ રાખવી જોઇએ ?**

A F.O.B
B F.O.R
C C.I.S
D C.I.F

**19 નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે ?**

A લોન પર લોન ચૂકવવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ
B લોન પર લોન ચૂકવવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ નહિં
C લોન ભરપાઇ કરવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ
D (A) અને (C) બન્ને સાચા છે

**20 નીચેમાંથી કઇ બાબત અંદાજપત્ર ના ફોર્મમાં હોતી નથી ?**

A ચાલુ વર્ષના મંજૂર થયેલ અંદાજ
B ચાલુ વર્ષના સુધારેલ અંદાજ
C ચાલુ વર્ષના ખરેખર ખર્ચના આંકડા
D આગામી વર્ષના સૂચિત અંદાજ

**21 નીચે માંથી કયો ખર્ચ કલેકટર હસ્તક મૂકવામાં આવતી વિવેકાધિન ગ્રાન્ટ માંથી થઇ શકે ?**

**(1) કૃષિ સુધારણા**

**(2) જાહેર આરોગ્ય**

A ફકત (1)
B (1) અને (2)
C ફકત (2)
D ઉપરના માંથી એક પણ નહિં

**22 જેલ પાસેથી વિના ટેન્ડરે કેટલા રૂપિયા સુધી ખરીદી કરી શકાય ?**

A રૂપિયા 5,00,000
B રૂપિયા 10,00,000
C રૂપિયા 2,00,000
D રૂપિયા 15,00,000

**23 એક નાગરિકે કરવેરાના નાણા ભર્યા અંગેની પહોંચ ખોવાઇ ગઇ છે તેને તે અંગેનો આધાર જોઇએ છે તો શું કરવુ જોઇએ?**

A ડુપ્લીકેટ પહોંચ આપવી
B નાણા જમા થયા અંગેનું પ્રમાણપત્ર આપવુ
C બીજી ઓરીજનલ પહોંચ આપવી
D કશુ ન અપાય

**24 એક કર્મચારીનો સાતમા પગાર પંચ મુજબ પગાર રૂપિયા 40,000 છે અને તેમના પત્નિજેઓ રાજ્ય સરકારના કર્મચારી છે તેમનો પગાર રૂપિયા 30,000 છે. મકાન પેશગી કેટલી મંજૂર કરી શકાય ?**

A તેર લાખ સાહિઠ હજાર
B તેવીસ લાખ એશી હજાર
C પંદર લાખ બાર હજાર
D પચીસ લાખ

**25 વાઉચરો નિયમો અનુસાર તૈયાર કરવાની ફરજ કોની છે ?**

A નિયંત્રણ અધિકારીની
B ઉપાડ અધિકારીની
C કચેરીના વડાની
D ઉપરના બધાની

**26 વણ ચૂકવાયેલ અંગત અનામતોનું ખાતું બંધ કરીએ ત્યારે આવી અનામતો કયા સદરે જમા કરવાની છે ?**

A ૦૦૭૦ સદરે
B ૦૦૭૫ સદરે
C ૮૩૩૬ સદરે
D ૮૦૭૫ સદરે

**27 ખાતાના વડાને ભાવ કરાર ઉપર કેટલા રૂપિયા સુધીની ખરીદીની સત્તા છે ?**

A રૂપિયા 50,000
B રૂપિયા 1,00,000
C રૂપિયા 75,00,000
D એક કરોડ

**28 વડોદરાની કોઇ કચેરીને નવુ ટેલિફોન જોડાણ જોઇતુ હોય તો કોની મંજૂરી લેવી જરૂરી છે ?**

A ખાતાના વડા
B કલેક્ટર
C સબંધિત વહિવટ વિભાગ
D સામાન્ય વહિવટ વિભાગ

**29 મોટરકાર પેશગીનુ વ્યાજ કેટલા હપ્તામાં ભરપાઇ કરવાનું હોય છે ?**

A 40 હપ્તા
B 80 હપ્તા
C 24 હપ્તા
D 240 હપ્તા

**30 નીચેનામાંથી કોના પાસેથી વિના ટેન્ડરે ખરીદી કરી શકાય ?**

A જેલ
B કર્મચારી સહકારી મંડળી
C કેન્દ્રીય ભંડાર
D ઉપરના બધા

**31 સરકારે પંચાયતોને આપેલ લોન નીચેના માંથી કયા હિસાબ ખાતે નોધાશે?**

A એકત્રિત ફંડ
B આકસ્મિક ફંડ
C જાહેર હિસાબ
D મહેસૂલ હિસાબ

**32 જિલ્લા તિજોરી કચેરી માટે માટે કાયમી પેશગી કોણ મજૂર કરે..................**

A નાણાં સચિવ
B હિસાબ અને તિજોરી નિયામક
C જિલ્લા તિજોરી અધિકારી
D નાણા વિભાગ

**33 જીલ્લામાં કોઇ નવા તિજોરી અધિકરી/પેટા તિજોરી નિમાય ત્યારે તેમને એકાઉન્ટન્ટ જનરલને હવાલો સંભળી લીધાની જાણ ગુજરાત તિજોરી નિયમોના કયા ફોર્મ માં કરવાની છે ?**

A ફોર્મ નં-૧
B ફોર્મ નં-૨
C ફોર્મ નં-૮
D ફોર્મ નં-૧૨

**34 પરીક્ષાની કામગીરી માટે ચૂકવાતું માનદવેતન કયા વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવે છે ?**

A મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ
B ખાસ આકસ્મિક ખર્ચ
C પુરવઠો અને સેવાઓ
D અન્ય ખર્ચ

**35 વર્ગ-૧ ના અધિકારી માટે મકાન પેશગી મંજૂર કરવાની સતા કોને છે.?**

A વહિવટી વિભાગ
B ખાતાના વડા
C કચેરીના વડા
D ઉપાડ અધિકારી

**36 નીચેનામાંથી કયા સ્વરૂપે ઇ.એમ.ડી. ન સ્વીકારવી જોઇએ**

- **A** ચેક
- **B** ડીમાન્ડ ડ્રાફટ
- **C** પે ઓર્ડર
- **D** બેંક ગેરંટી

**37 નીચેનામાંથી કયા સભ્ય ડી.પી. સી.માં હોય છે?**

- **A** સબંધિત વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રી
- **B** અધિક ઉધોગ કમિશનર
- **C** સબંધિત વિભાગના ખાતાના વડા
- **D** નાણાં સલાહકાર

**38 નીચેનામાંથી શાનો સમાવેશ સામાન્ય સેવાઓમાં થાય છે ?**

- **A** ખેતી
- **B** જળ
- **C** ટપાલ
- **D** સંરક્ષણ

**39 વહીવટી વિભાગને કેટલા સમય સુધી હંગામી જગા ઉભી કરવાની સત્તા છે ?**

- **A** છ માસ
- **B** બાર માસ
- **C** ત્રણ વર્ષ
- **D** ચાર વર્ષ

**40 પેટા વાઉચર કેટલા સમય પછી નાશ કરી શકાય ?**

- **A** બે વર્ષ
- **B** ત્રણ વર્ષ
- **C** પાંચ વર્ષ
- **D** ત્રીસ વર્ષ

**41 નીચેમાંથી કઈ બાબત કામગીરી અંદાજપત્રના માળખામાં હોય છે ?**

- **A** પ્રસ્તાવના
- **B** નાણાકીય જરૂરીયાતોનો કોઠો
- **C** નાણાકીય જરૂરીયાતો અંગે સ્પષ્ટતા
- **D** ઉપરની બધી બાબતો

**42 સામાન્ય ભવિષ્ય નિધિમાંથી ઉપાડ માટે આપેલી મંજૂરી કેટલા સમય પછી રદ થશે.?**

- **A** ત્રણ માસ
- **B** છ માસ
- **C** બાર માસ
- **D** અઢાર માસ

**43 નિયંત્રણ અધિકારીની પ્રતિ સહી ને આધીન હોય તેવા ખર્ચ ને શું કહેવાય ?**

- **A** સામી સહી જરૂરી હોય તેવો આકસ્મીક ખર્ચ
- **B** સામી સહી જરૂરી ન હોય તેવો આકસ્મીક ખર્ચ
- **C** આનુંષંગિક આકસ્મીક ખર્ચ
- **D** નિયત આકસ્મીક ખર્ચ

**44 નીચેનામાંથી કોના હસ્તક વિવેકાધિન ગ્રાંટ મૂકવામાં આવતી નથી ?**

- **A** જિલ્લા પોલીસ વડા
- **B** પોલિસ મહાનિર્દેશક
- **C** શિક્ષણ નિયામક
- **D** કલેકટર

**45 કોઇ કચેરી સેનેટાઇઝર ખરીદે તો તે કયા પ્રકારમાં આવે ?**

- **A** આનુષંગિક આકસ્મીક ખર્ચ
- **B** નિયત આકસ્મીક ખર્ચ
- **C** પુરવઠો અને સેવાઓ
- **D** ખાસ આકસ્મીક ખર્ચ

**46 પ્રાદેશિક વડા જાહેર કરવાની સત્તા કોને છે ?**

**A** નાણા વિભાગ

**B** ખાતાના વડા

**C** સબંધિત વહિવટ વિભાગ

**D** મુખ્ય મંત્રી

**47 નીચેનામાંથી કયુ નવુ ખર્ચ ગણાય ?**

**A** નવી નીતિ અપનાવવી

**B** નવી સવલત ઉભી કરવી

**C** ચાલુ સવલતના પ્રકારમાં મહ્ત્વનો સુધારો કરવો

**D** ઉપરના બધા

**48 અવરજવર પુસ્તિકાનો શું ઉપયોગ છે ?**

**A** તિજોરીના કર્મચારીઓની અવરજવર નોંધવા

**B** કોઈપણ સરકારી કચેરીના કર્મચારીઓની અવરજવર નોંધવા

**C** બિલ આ પુસ્તીકામાં ચઢાવી તિજોરીમા બિલ મોકલવા

**D** તિજોરી કચેરીમાં બિલનો હિસાબ રાખવા

**49 નીચે માંથી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ ગણાય ?**

**A** મહેકમનો પગાર

**B** મુસાફરી ભથ્થા ખર્ચ

**C** મોજણી કામ માટે રોકેલ હંગામી કર્મચારી વર્ગનો પગાર

**D** ઉપરના માંથી એક પણ નહિં

**50 સહાયકી અનુંદાનની ચૂકવણી જે વર્ષમાં કરવામાં આવી હોય તે વર્ષ પૂરૂ થયેથી કેટલા સમયમાં ખર્ચના હિસાબનું ઓડિટ કરેલ પત્રક રજૂ કરવાનું રહેશે ?**

**A** છ માસ

**B** બાર માસ

**C** ત્રણ વર્ષ

**D** ચાર વર્ષ

**51 લોન માટે ઓછામાં ઓછી કેટ્લી જામીનગીરી સ્વીકારવાની હોય છે ?**

**A** લોનની રકમના ૨૫.૧/૪ ટકા થી વધુ

**B** લોનની રકમના ૩૩.૧/૪ ટકા થી વધુ

**C** લોનની રકમના ૨૫.૧/3 ટકા થી વધુ

**D** લોનની રકમના ૩૩.૧/3 ટકા થી વધુ

**52 નીચેનામાંથી કયા ખર્ચ નો સમાવેશ પૂરવઠો અને સેવાઓમાં થાય છે?**

**A** વીજળી બિલ

**B** કોઇપણ કચેરી સ્ટેશંનરી ખરીદે

**C** મકાન ભાડાની ચૂકવણી

**D** ઉપરનામાંથી એક પણ નહિં

**53 મકાન પેશગીના હિસાબો કોણ રાખે છે.?**

**A** તિજોરી અધિકારી

**B** નિયામક પેન્શન અને પ્રો.ફંડ

**C** એકાઉન્ટન્ટ જનરલ

**D** ખાતાના વડા

**54 સી.એસ.પી.ઓ. ના ભાવ કરાર અંગેની ટેન્ડર પ્રક્રિયામાં ઇ.એમ.ડી. મહ્તમ મર્યાદા કેટલી છે ?**

**A** રૂપિયા ત્રણ લાખ

**B** રૂપિયા પાંચ લાખ

**C** રૂપિયા દસ લાખ

**D** કોઇ મર્યાદા નથી

**55** **જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી માટે માટે કાયમી પેશગી કોણ મજૂર કરે ?**

**A** ઉચ્ચ શિક્ષણ કમીશ્નર **B** શિક્ષણ સચિવ

**C** જિલ્લા શિક્ષણાધિકારી **D** નાણા વિભાગ

**56** **હવાલાની ફેરબદલી માટે કયા ફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે?**

**A** ફોર્મ નંબર -૩ **B** ફોર્મ નંબર -૪

**C** ફોર્મ નંબર -૫ **D** ફોર્મ નંબર -૬

**57** **કોઈપણ નાણાકીય દાવો લેણો થયા પછી કેટલા સમય સુધી વણચૂકવાયેલો રહે તો બિલમાં વિલંબનાં કારણો નોંધવા જોઈએ ?**

**A** ત્રણ માસ **B** છ માસ

**C** નવ માસ **D** બાર માસ

**58** **કચેરીના વડાને દરેક કેસમાં વાર્ષિક આર્વતક ખર્ચ કેટલા રૂપિયા સુધી મંજૂર કરવાની સત્તા છે ?**

**A** રૂ.7,500 **B** રૂ.5,000

**C** રૂ.2,000 **D** રૂ.1,000

**59** **ખર્ચ પર નિયંત્રણ રાખવા દરેક નિયંત્રણ અધિકારીએ કયા ફોર્મમાં ખર્ચનું રજીસ્ટર રાખવાનું છે?**

**A** ફોર્મ નંબર-9 **B** ફોર્મ નંબર-10

**C** ફોર્મ નંબર-11 **D** ફોર્મ નંબર-12

**60** **જે ચીજ વસ્તુઓ ખરીદવાની સત્તા ન હોય એવી ચીજ વસ્તુઓ માંડવાળ કરવાની બાબતમાં કચેરીના વડાને કેટલી સત્તા છે ?**

**A** રૂ.1,000 **B** રૂ.5.000

**C** રૂ.10,000 **D** કોઇ સત્તા નથી

**61** **ત્રણ વર્ષ જૂની મોટર કાર રીપેર કરાવવા માટે કચેરીના વડાને કેટલી સત્તા છે ?**

**A** ખરીદ કિંમતના 35 ટકા **B** રૂ.1,000

**C** ખરીદ કિંમતના 20 ટકા **D** રૂ.5000

**62** **નીચેનામાંથી કયુ વિધાન ખોટુ છે ?**

**A** આકસ્મિક ખર્ચના બીલો ઓડિટને આધિન છે **B** વિવેકાધિન ગ્રાંટ હિસાબ અને તિજોરી નિયામક હસ્તક મૂકવામાં આવતી નથી

**C** વિવેકાધિન ગ્રાંટમાંથી કરેલ ખર્ચના બીલો ઓડિટને આધિન નથી **D** વિવેકાધિન ગ્રાંટમાંથી નિર્ધારિત હેતુ માટે જ ખર્ચ કરી શકાય

**63** **ગુજરાત તિજોરી નિયમોના કયા ફોર્મથી મહેસૂલી રિફંડનો નમૂનો નક્કી થયેલ છે**

**A** ફોર્મનં-61 **B** ફોર્મ નં-64

**C** ફોર્મ નં-81 **D** ફોર્મનં -109

**64** **માર્ચ -2024 ના પગાર ભથ્થાની જોગવાઇ કયા નાણાકીય વર્ષના બજેટમાં કરવામાં આવશે ?**

**A** 2023– 2024 **B** 2024- 2025

**C** 2022- 2023 **D** 2025 -2026

**65 સત્તા અધિકારીઓએ તેમના તાબાના અધિકારીઓને સોંપેલ સત્તાની બાબતમાં ઓછામાં ઓછા કેટલા વર્ષે એકવાર સમીક્ષા કરવી જોઇએ ?**

**A** એક વર્ષ **B** બે વર્ષ

**C** ત્રણ વર્ષ **D** ચાર વર્ષ

**66 નોકરીમાં નવા નિમાયેલ કર્મચારીએ તબીબી પ્રમાણપત્ર રજૂ ન કર્યુ હોય તો કેટલા માસ સુધી પગાર ચૂકવી શકાય ?**

**A** એક માસ **B** બે માસ

**C** ચાર માસ **D** છ માસ

**67 (1) ગુપ્તસેવા ખર્ચ અને બાતમીદારોને અપાતા ઇનામોના સમર્થનમાં વાઉચર જરૂરી હેશે નહીં**
**(2) ગુપ્તસેવા ખર્ચ અને બાતમીદારોને અપાતા ઇનામોના લીધે થતુ ખર્ચ હિસાબ તપાસણી અધિકારીઓ દ્વારા કરાતી ચકાસણીને આધીન રહેશે નહીં**

**A** વિધાન 1 સાચુ, 2 ખોટુ **B** વિધાન 1 ખોટુ, 2 સાચુ

**C** વિધાન 1 અને 2 બન્ને ખોટા **D** વિધાન 1 અને ૨ બન્ને સાચા

**68 પંદર માસ પહેલા રૂપિયા ૧૦,૦૦૦ માં ખરીદેલ ફેક્સ મશીન મરામત કરાવવા ખાતાના વડા કેટલા રૂપિયાની મર્યાદામાં ખર્ચ મંજૂર કરી શકે ?**

**A** રૂપિયા ૨૦૦૦ **B** રૂપિયા ૨૫૦૦

**C** રૂપિયા ૩૫૦૦ **D** ખરેખર ખર્ચ

**69 ખાતાની ટેકનિકલ કામગીરીને લગતો ખર્ચ હોય તેને કયા પ્રકારનું ખર્ચ ગણાય ?**

**A** મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ **B** આનુષંગિક આકસ્મિક ખર્ચ

**C** પુરવઠો અને સેવાઓ **D** અન્ય ખર્ચ

**70 સરકારના ઉદેશો કરકસરભરી રીતે અને કાર્યક્ષમ રીતે પાર પડે તે સુનિશ્ચિત કરવા અને તે માટે સરકારને સલાહ આપવાનું કામ કઇ સમિતિનું છે ?**

**A** જાહેર હિસાબ સમિતિનું **B** અંદાજ સમિતિનું

**C** ખર્ચઅગતા સમિતિનું **D** નાણા સમિતિનું

**71 નીચેમાંથી કયો ખર્ચ કાયમી પેશગી માંથી થઇ શકે ?**

**A** મુસાફરી ભથ્થાનો ખર્ચ **B** સર્વીસ પોસ્ટેજ સ્ટેમ્પ

**C** પર્ચૂરણ નાની ચૂકવણીઓ **D** ઉપરના બધા

**72 મોટરકાર પેશગી માટે ફંડ ઉપલબ્ધતાનું પ્રમાણપત્ર કોણ આપે ?**

**A** કચેરીના વડા **B** ખાતાના વડા

**C** સબંધિત વહિવટી વિભાગ **D** નાણા વિભાગ

**73 વ્યક્તિગત કેસમાં આંતરિક નાણા સલાહકારની સલાહ વિરુધ્ધ નિર્ણય લેવાની સત્તા કોને છે ?**

**A** મુખ્યમંત્રીને **B** નાણામંત્રીને

**C** વિભાગના સચિવને **D** મુખ્યસચિવને

**74 કેટલા રૂપિયાથી વધુ ખરીદી માટે ઇ ટેન્ડર પધ્ધતિથી ખરીદી કરવી ફરજિયાત છે ?**

- **A** રૂપિયા 25,000
- **B** રૂપિયા 50,000
- **C** રૂપિયા 1,00,000
- **D** રૂપિયા 5,00,000

**75 નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે ?**

- **A** અનાવર્તક ખર્ચ એટલે સમયાંતરે થતુ ખર્ચ
- **B** કોઇ સત્તાધિકારી પોતાની નાણાકીય સત્તાઓ બિનરાજ્યપત્રિત કર્મચારીને સોંપી શકશે
- **C** ખાતાના વડાનું પગાર ધોરણ ગુજરાત સરકારના નાયબ સચિવ કરતાં ઓછુ હોવુ જોઇએ નહિં
- **D** મોટર સાઇકલ પેશગી કચેરીના વડા મંજૂર કરી શકે

**76 સરકારી હિસાબી માળખુ કેટલા ભાગમાં વિભાજિત થયેલ છે ?**

- **A** બે ભાગ
- **B** ત્રણ
- **C** ચાર ભાગ
- **D** પાંચ ભાગ

**77 ગૌણ સદરમાં નીચેનામાંથી શું આવે ?**

- **A** સરકારના કાર્યો
- **B** કાર્યક્રમો
- **C** યોજનાઓ
- **D** સહાયક ગ્રાન્ટ

**78 શુધ્ધ બુધ્ધીથી કાર્ય કર્યું હોય, પોતાની શક્તિ અને અનુભવ મુજબ પોતાનાથી બનતુ બધુ કર્યું હોય તેમ છતાં નુકશાન થયેલ હોય તો શુ કરવુ?**

- **A** નાની શિક્ષા કરવી
- **B** નુકશાન વસુલ કરવુ
- **C** પ્રમાણિક ભૂલ ગણી જતી કરવી
- **D** શિક્ષા અને વસુલાત બન્ને કરવુ

**79 રજા પ્રવાસ રાહત પેશગી કેટલી મળવાપાત્ર છે ?**

- **A** સંભવિત ખર્ચના 75 ટકા
- **B** સંભવિત ખર્ચના 80 ટકા
- **C** સંભવિત ખર્ચના 100 ટકા
- **D** 30 દિવસના ખર્ચની મર્યાદામાં

**80 સામાન્ય રીતે માલ સામાનની ખરીદીની કિંમતના કેટલા ટકા સિક્યોરિટી ડિપોઝીટ લેવામાં આવે છે?**

- **A** બે ટકા
- **B** ત્રણ ટકા
- **C** પાંચ ટકા
- **D** દસ ટકા

**81 ખાતાના વડાને ખાનગી મુદ્રકો પાસે છાપકામ કરાવવાની કેટલી રકમની સત્તા છે ?**

- **A** રૂપિયા ૧૦,૦૦૦
- **B** રૂપિયા ૨૫,૦૦૦
- **C** રૂપિયા ૫૦,૦૦૦
- **D** રૂપિયા ૭૫,૦૦૦

**82 એક કર્મચારીની મકાન બાંધકામના હેતુ માટે પેશગી રૂપિયા બાર લાખ મંજૂર થયેલ છે. બીજા હપ્તા પેટે કેટલી રકમ ચૂકવાશે?**

- **A** રૂપિયા ૪,૮૦,૦૦૦
- **B** રૂપિયા ૩,૬૦,૦૦૦
- **C** રૂપિયા ૨,૪૦,૦૦૦
- **D** રૂપિયા ૧,૨૦,૦૦૦

**83 આવર્તક ખર્ચ એટલે ?**

A મિલકતો વસાવવાનો ખર્ચ | B સમયાંતરે થતું ખર્ચ

C મૂડી ખર્ચ | D મહેસૂલી ખર્ચ

**84 કેટલી બચત પરત કરવામાં આવે તો બચત માટેના વિગતવાર ખુલાસા આપવા જરુરી છે ?**

A કુલ જોગવાઇના 5 ટકા અથવા રુપિયા 5 લાખ થી વધુ રકમ

B કુલ જોગવાઇના 5 ટકા અથવા રુપિયા 10 લાખ થી વધુ રકમ

C કુલ જોગવાઇના 10 ટકા અથવા રુપિયા 5 લાખ થી વધુ રકમ

D કુલ જોગવાઇના 10 ટકા અથવા રુપિયા 10 લાખ થી વધુ રકમ

**85 વિધાનમંડળે મંજૂર કરેલા નાણા વહીવટી તંત્રે માગણીની ક્ષેત્રમર્યાદાની અંદર રહીને ખર્ચા છે તેની ખાતરી કરવાનું કામ કોનું છે?**

A જાહેર હિસાબ સમિતિનું | B અંદાજ સમિતિનું

C ખર્ચઅગતા સમિતિનું | D ઉપરની બધી સમિતિનું

**86 જે વર્ષ પૂરુ થઇ ગયુ હોય તે નાણાકીય વર્ષ માટે આપવામાં આવેલ ગ્રાંટ ઉપરાંત કરવામાં આવેલ ખર્ચને વિનિયમિત કરવા કોણ ભલામણ કરશે ?**

A અંદાજ સમિતિ | B જાહેર હિસાબ સમિતિ

C ખર્ચ અગ્રતા સમિતિ | D એકાઉન્ટન્ટ જનરલ

**87 રાજ્યના અતિ નાના કુટિર ઉધોગો કે જે આઇ.એસ.આઇ / બી.આઇ.એસ./ એગમાર્ક ધરાવતા માલસામાન માટે કેટલા ટકા ગુણવત્તા પસંદગી મળવાપાત્ર રહેશે?**

A 5 ટકા | B 10 ટકા

C 15 ટકા | D 20 ટકા

**88 તત્કાલ ખરીદીના કિસ્સામાં ટેન્ડર પધ્ધિતનો ગાળો ઓછામાં ઓછો કેટલા દિવસનો હોવો જોઇએ ?**

A ત્રણ દિવસ | B પાંચ દિવસ

C સાત દિવસ | D એકવિસ દિવસ

**89 વીજળી બિલનું ખર્ચ કયા પ્રકારનો ખર્ચ ગણાય ?**

A આનુષંગિક આકસ્મિક ખર્ચ | B પુરવઠો અને સેવાઓ

C ખાસ આકસ્મિક ખર્ચ | D મુકદર દર વાળો ખર્ચ

**90 વર્ષ દરમિયાન વિચારણા માટે આવતી નવી યોજનાઓની ચકાસણી કોણ કરે છે ?**

A જાહેર હિસાબ સમિતિ | B અંદાજ સમિતિ

C ખર્ચઅગતા સમિતિ | D નાણા સમિતિ

**91 ડેડસ્ટોકની ભૌતિક ચકાસણી કેટલા સમયે કરવાની છે ?**

A દર છ માસે | B દર વર્ષે

C દર બે વર્ષે | D દર ત્રણ વર્ષે

**92 જલદી નાશ પામે તેવી વસ્તુઓનું નિરીક્ષણ કેટલા સમયે કરવાનું છે ?**

- **A** દર છ માસે
- **B** દર વર્ષે
- **C** દર ૩ વર્ષે
- **D** દર ૫ વર્ષે

**93 એસ.ડી. પી. સી ને મહત્તમ કેટલા રૂપિયા સુધી રીપીટ ઓર્ડર આપવાની સત્તા છે ?**

- **A** રૂ. 5,00,000
- **B** રૂ 50,00,000
- **C** રૂ 75,00,000
- **D** રૂ.10,00,000

**94 નીચેમાંથી કયુ વિધાન ખોટુ છે ?**

- **A** અંદાજપત્રમાં જોગવાઇ એ ખર્ચ માટેની સત્તા નથી
- **B** ખર્ચને પહોંચી વળવા માટે અંદાજ્પત્રમાં જોગવાઇ કરવી જોઇએ
- **C** ખર્ચ કરતાં ઔચિત્યતા ના સિધ્ધાંતો જળવાવા જોઇએ
- **D** અંદાજપત્રમાં જોગવાઇ કરેલ ખર્ચ માટે વહિવટી મંજૂરી જરૂરી નથી

**95 એસ.ડી.પી.સી. ને ઇમરજન્સી ખરીદીની કેટલી સત્તા છે ?**

- **A** રૂપિયા પાંચ લાખ
- **B** રૂપિયા દસ લાખ
- **C** રૂપિયા ત્રીસ લાખ
- **D** કોઇ મર્યાદા નથી

**96 વાર્ષિક વિકાસ કાર્યક્રમનું પુસ્તક કોણ તૈયાર કરે છે?**

- **A** નાણા વિભાગ
- **B** સબંધિત વહિવટી વિભાગ
- **C** અર્થશાત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો
- **D** સામાન્ય વહિવટ વિભાગ

**97 કરની બાબતમાં બાતમીદારોને ઇનામ આપવાના ખર્ચને કોણ પ્રમાણિત કરશે ?**

- **A** નાણા વિભાગના સચિવ
- **B** કલેક્ટર
- **C** કમિશ્નર કોર્મશિયલ ટેક્ષ
- **D** વેચાણ વેરા અધિકારી

**98 અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાને અંતે જવાબ કોણ આપશે?**

- **A** સબંધિત ખાતાના મંત્રી
- **B** મુખ્યમંત્રી
- **C** નાણામંત્રી
- **D** અધ્યક્ષ

**99 વાઉચર એટલે ?**

- **A** સરકાર સામેનું માગણા પત્રક
- **B** વેપારી દ્વારા કચેરીને આપેલ બિલ
- **C** ચૂકવાયેલ બિલ જેના પર ચૂકતેનો સિક્કો લગાવેલ હોય
- **D** કચેરી દ્વારા તિજોરીમાં રજૂ કરવામાં આવેલ બિલ

**100 અતિ ચૂકવણી માટે કોણ જવાબદાર છે.?**

- **A** બિલ આકારનાર
- **B** બિલ ચૂકવનાર
- **C** કેશીયર
- **D** નાણા મેળવનાર

-------------------------------